# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

===============================================================

-: અખબારી યાદી:-

# ત્રણેયઝોનમાં રસ્તાનાસમારકામ આવતીકાલથી શરૂ થશે : મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

તારીખ: ૧૧-૧૦-૨૦૧૯

રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી ઉદીત અગ્રવાલે આજે તારીખ: ૧ ૧-૧૦-૨૦૧૯ ના રોજ એમ જણાવ્યું હતું કે, શહેરના ત્રણેય ઝોન માં આવતીકાલ તા. ૧૨-૧૦-૨૦૧૯થી રસ્તાના સમારકામનો પ્રારંભ કરવામાં આવી રહયો છે.

મ્યુનિ.કમિશનરશ્રીએ વધુમાં કહ્યું હતું કે, પોતે તાજેતરમાં જ સંબંધિત અધિકારીશ્રીઓને સાથે રાખી વિસ્તારો અને તેના માર્ગોની રૂબરૂ મુલાકાત લીધેલી છે અને અત્યારે વરસાદે થોડો સમય વિરામ લીધો છે ત્યારે ક્ષતિગ્રસ્ત માર્ગો નું પેચ વર્કથી મરામત કાર્ય આવતીકાલથી શરૂ કરવામાં આ વી રહયું છે. આ ઉપરાંત શહેરના ત્રણેય ઝોનમાં ચોમાસાને નુકશાન પામેલા રસ્તાઓના પેવર કામ અને એક્શન પ્લાન હેઠળના રસ્તાઓના કામનો પણ ટૂંક સમયમાં જ પ્રારંભ થઇ રહયો છે તેમ કમિશનરશ્રીએ જણાવ્યું હતું.

અન્ય એક મહત્વપૂર્ણ મુદ્દા વિશે વાત કરતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા હવે રસ્તાના કામમાં એક નવો કન્સેપ્ટ અપનાવી રહી છે જેમાં રસ્તા કામ શરૂ કરતા પૂર્વેના સપ્તાહમાં જે તે ઝોનના ડેપ્યુટી કમિશનરશ્રી અને સિટી એન્જિનિયરશ્રી જે તે રસ્તાના સ્થળની રૂબરૂ મુલાકાત લેશે અને રસ્તાની સાથોસાથ જ ફૂટપાથ સહિતના અન્ય આનુસાંગિક કાર્ય પણ હાથ ધરવામાં આવશે.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા